# પંડિત શ્રી હિંમતલાલ જે. શાહનો પરિચય



તીર્થંકર ભગવાન મહાવીર દ્વારા પ્રરૂપીત, સ્વાત્માનુભૂતિ પ્રધાન મોક્ષમાર્ગને વર્તમાનયુગમાં પ્રવર્તાવનાર શાસનોદ્ધારક પરમ ઉપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની ધર્મસભાના વિશિષ્ટ વ્યક્તિ, તેઓશ્રીનાં પરમભક્ત સ્વાનુભૂતિપ્રાપ્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલબંધુ તથા શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત પંચપરમાગમોની મૂળ ગાથાઓનાં હરિગીત તેમજ તેની સંસ્કૃત ટીકાઓના ગુર્જરભાષાના અનુવાદક, ઊંડા આદર્શ આત્માર્થી એવા પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ બાળપણથી જ વૈરાગી, તટસ્થ, ન્યાયપ્રિય, ઊંડા વિચારક, સત્યસંશોધક તથા નિરાભિમાની

હતા. તેઓશ્રીનું સમગ્ર જીવન મુખ્યપણે પ્રત્યક્ષ ઉપકારી પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારછાયામાં વીત્યું હતું. તેમના અંતરમાં આ પ્રત્યક્ષ ઉપકારી સંતો પ્રત્યે પરમ ભક્તિભાવ વર્તતો હતો. તથા તેમને "હિંમતભાઈ નિકટ મોક્ષગામી છે" તેવા પૂજ્ય ગુરુદેવશ્રીના મંગલ આશીર્વાદ પ્રાપ્ત થયા હતા.

તેમના આત્માર્થભીના ભક્તહૃદયમાંથી વહેલી આ ભક્તિ રચનાઓ આ યુગની જૈન જગતની શ્રેષ્ઠ ભક્તિ રચનાઓ છે. તેમાં વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર તેમજ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી પ્રત્યેની અર્પણતાની સાથે સાથે અધ્યાત્મ અને વૈરાગ્યરૂપી જ્ઞાનગંગાની સરવાણી વહેતી અનુભવાય છે. તદુપરાંત તેમાં ઉત્તમ પ્રકારની કવિત્વશક્તિનાં પણ દર્શન થાય છે.

તેઓશ્રી રચિત આ ઉત્તમ ભક્તિ રચનાઓની સંગીતમય કૃતિ બનાવતાં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ અત્યંત ગૌરવ અનુભવે છે. આશા છે કે સર્વ મુમુક્ષુગણ આ ભક્તિગીતોમય અધ્યાત્મ સરિતામાં સ્નાન કરી પવિત્રતાનો અનુભવ કરશે.

❁